SHABDBRAHM E-ISSN: 3049 4230
VOLUME 1, ISSUE 2, OCTOBER 2025

# આધુનિક રાષ્ટ્ર અને સરદાર પટેલ

ડૉ. આલાપ આર. સુથાર

(આસિસ્ટન્ટ પ્રોફેસર)

શ્રીમતી ધારિણીબેન એ. શુક્લા બી.એડ. કોલેજ, મહેમદાવાદ

**સારાંશ:**

આધુનિક રાષ્ટ્રની કલ્પના કોઈ એક દિવસમાં સર્જાતી નથી; તે લાંબા રાજકીય સંઘર્ષો, સામાજિક પરિવર્તનો, આર્થિક સુધારાઓ અને સાંસ્કૃતિક એકતાથી ધીમે ધીમે અસ્તિત્વમાં આવે છે. ભારત જેવા વૈવિધ્યસભર દેશ માટે તો આ વિચાર વધુ જટિલ અને વિશાળ છે. વિવિધ ભાષાઓ, પ્રાંતો, સંસ્કૃતિઓ, ધાર્મિક માન્યતાઓ અને જુદી રાજકીય પરંપરાઓ વચ્ચે સંગઠન સ્થાપિત કરીને એક સશક્ત રાષ્ટ્રનું નિર્માણ કરવું એ સ્વતંત્રતા પછી ભારત સામે ઊભું થયેલું સૌથી મોટા પડકારોમાંનું એક હતું. આ પડકારોની વચ્ચે એક એવા દ્રષ્ટિવંત, દૃઢ ઇચ્છાશક્તિ ધરાવતા અને લોખંડી વ્યક્તિત્વવાળા નેતાએ ભારતને અખંડિત રાષ્ટ્ર તરીકે ઘડવામાં કેન્દ્રસ્થાનિય ભૂમિકા ભજવી-તે નામ છે સરદાર વલ્લભભાઈ પટેલ.

આ પત્રનો મુખ્ય ઉદ્દેશ આધુનિક ભારતીય રાષ્ટ્રની રચનામાં સરદાર પટેલની ભૂમિકા, વિચારધારા, નેતૃત્વશૈલી અને વહીવટી દક્ષતાનું વિશ્લેષણ કરવાની છે. અહીં ખાસ કરીને ભારતીય રાષ્ટ્રની ધારણા (Modern Nation-State) ના સંદર્ભમાં સરદાર પટેલની યોગદાનયાત્રા સમજાવવામાં આવી છે. આ અભ્યાસમાં સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન તેમની રાજકીય પરિપક્વતા, ભારતીય સંઘના નિર્માણ માટેની દૃઢતા, રજવાડાંઓને એકીકૃત કરવા માટે કરેલા અદ્વિતીય પ્રયત્નો, બ્યુરોક્રેટિક માળખું ગોઠવવા માટે કરાયેલા સુધારાઓ તેમજ આંતરિક સુરક્ષા અને રાષ્ટ્રની એકતા અંગેના તેમના વલણનું વિશ્લેષણ કરાયું છે.

ભારતની આજની અખંડતા, શાંતિપ્રક્રિયા, વહીવટી વ્યવસ્થા અને સંઘીય માળખું બહુ હદે સરદાર પટેલે ૧૯૪૭થી ૧૯૫૦ વચ્ચે અપનાવેલા નિર્ણયો પર આધારિત છે. ભારતના ૫૬૨

રજવાડાંઓને સ્વેચ્છાએ, વિવેકપૂર્વક અને રાજકીય કૌશલ્યથી ભારતીય સંઘમાં જોડાવા પ્રેરવા એ તેમના જીવનનું સૌથી મોટું કાર્ય ગણાય છે. તેમણે માત્ર રાજકીય એકતા જ સ્થાપિત કરી ન હતી, પરંતુ આધુનિક ભારતીય રાષ્ટ્રની શાશ્વત વિચારધારા-એકતા, અખંડિતતા, શાસનની સુવ્યવસ્થા અને સંઘવાદને મજબૂત પાયો આપ્યો હતો.

આ અભ્યાસ દર્શાવે છે કે સરદાર પટેલ ભારતીય રાષ્ટ્રના માત્ર એકીકરણના શિલ્પી જ ન હતા, પરંતુ તેઓ રાષ્ટ્રના મૂલ્યો, નીતિઓ, અને માળખાકીય સ્થાપના પાછળના રણનીતિક વિચારક હતા. આજે ભારત વૈશ્વિક મંચ પર મજબૂત અને એકતાબદ્ધ રાષ્ટ્ર તરીકે ઉભરાયું છે, તો તેની પાછળ સરદાર પટેલનો દૃઢ સંકલ્પ, રાષ્ટ્રભાવના અને વહીવટી પ્રજ્ઞા મુખ્ય કારણ છે. તેથી, સરદાર પટેલને આધુનિક ભારતીય રાષ્ટ્રના પ્રધાન વિશારદ તરીકે જોવું સંપૂર્ણ યોગ્ય છે.

**ચાવીરૂપ શબ્દો :** રાષ્ટ્ર નિર્માણ, સરદાર પટેલ, રાષ્ટ્રીય એકતા, રજવાડા એકીકરણ, વહીવટી શિલ્પન, લોકશાહી, ભારતીય સંવિધાન, સ્ટૅચ્યુ ઑફ યુનિટી, સમકાલીન ભારત.

SHABDBRAHM

**પ્રસ્તાવના:**

ભારત એક બહુવિધ સંસ્કૃતિઓ, ભાષાઓ, પ્રાંતિય પરંપરાઓ અને ધાર્મિક માન્યતાઓ ધરાવતું વિશાળ રાષ્ટ્ર છે. આવી વિવિધતાઓ વચ્ચે એકતા સ્થાપિત કરવી અને આધુનિક રાષ્ટ્રની કલ્પનાને સ્વરૂપ આપવા એ અત્યંત જટિલ અને કઠિન પ્રક્રિયા છે. આધુનિક રાષ્ટ્ર (Modern Nation-State) તેવા રાજકીય માળખાનું પ્રતિનિધિત્વ કરે છે જે માત્ર ભૂગોળીય સીમાઓથી નહીં પરંતુ રાષ્ટ્રભાવના, રાજકીય સ્થિરતા, વહીવટી કૌશલ્ય અને સામાજિક એકતાથી નિર્ધારિત થાય છે. ભારતનું સ્વતંત્રતા પછીનું રાજકીય પરિપ્રેક્ષ્ય એ એવી જ એક પૃષ્ઠભૂમિ હતી જ્યાં રાષ્ટ્રના પુનર્નિમાણ માટે સુદૃઢ નેતૃત્વની તાતી જરૂર હતી.

સ્વતંત્રતા પછી ભારત સામે ઊભેલા પડકારો બહુવિધ અને ગંભીર હતા. એક તરફ દેશ વિભાજનની વ્યથા, શરણાર્થી સંકટ, સામાજિક અસંતોષ અને હિંસાની પરિસ્થિતિનો સામનો કરી રહ્યો હતો, તો બીજી તરફ દેશના વિવિધ ભાગોમાં સ્થિત ૫૬૨ રજવાડાંઓનું અસ્તિત્વ ભારતની રાજકીય અખંડિતતા માટે સૌથી મોટું અવરોધ હતું. આ સંજોગોમાં એક એવા દૃઢ, વ્યવસ્થિત અને દુરંદેશી

નેતૃત્વની જરૂર હતી જે દેશને એક મજબૂત અને અખંડ રાષ્ટ્ર તરીકે ઘડી શકે. આ ભૂમિકા નિભાવનાર વ્યક્તિત્વ તરીકે સરદાર વલ્લભભાઈ પટેલનું નામ ઇતિહાસમાં સદાકાળ માટે અંકિત છે.

સરદાર પટેલ માત્ર સ્વતંત્રતા સંગ્રામના યોદ્ધા જ નહોતા, પરંતુ તેઓ ભારતીય પ્રજાસત્તાકના સ્થાપક નીતિનિર્માતાઓમાંના એક હતા. 'ભારતના લોખંડી પુરુષ' તરીકે તેમને મળેલું બિરુદ માત્ર તેમના રાજકીય કઠિન નિર્ણયોના કારણે જ નહીં, પરંતુ રાષ્ટ્રની એકતા અને સુરક્ષા માટે અપેલા અપ્રતિમ યોગદાનને કારણે છે. તેમણે રજવાડાંઓના એકીકરણથી લઈને નવનિર્મિત દેશની બ્યુરોક્રેટિક વ્યવસ્થા ગોઠવવા સુધીના દરેક ક્ષેત્રમાં અતિ મહત્વની ભૂમિકા ભજવી.

આધુનિક ભારતની રાજકીય, વહીવટી અને આર્થિક વ્યવસ્થાનો પાયો ઘણો અંશે સરદાર પટેલના દૃઢ સંકલ્પ અને રાજ્યશિલ્પ પર આધારિત છે. તેઓ નિર્ણયો લેતા પહેલાં પરિસ્થિતિનું ઊંડું વિશ્લેષણ કરતા અને દેશના હિતને સર્વોચ્ચ સ્થાન આપતા. તેમના વિચારોમાં રાષ્ટ્રની એકતા, સામાજિક સૌહાર્દ, પ્રજાની સુરક્ષા અને મજબૂત શાસનસરંચના મહત્વના ચાર સ્તંભ હતા. આજના ભારતના સંઘીય માળખા, નાગરિક સેવાનો આધાર, અને આંતરિક સુરક્ષા પ્રણાલીમાં પણ તેમના નિર્ણયોનો પ્રભાવ સ્પષ્ટપણે જોવા મળે છે.

આ પત્રમાં આધુનિક રાષ્ટ્રની કલ્પના અને ભારતના રાષ્ટ્રનિર્માણમાં સરદાર પટેલના અવિસ્મરણીય યોગદાનનું સુચિત વિશ્લેષણ કરવામાં આવ્યું છે. રાષ્ટ્રની એકતા, રજવાડાંઓનું એકીકરણ, વહીવટી સુધારા અને રાષ્ટ્રીય સુરક્ષા અંગે તેમના અભિગમને આધારે ભારત આજે વિશ્વના સૌથી મોટા અને સફળ લોકતંત્રોમાં સ્થાન પામ્યું છે. તેથી, સરદાર પટેલની ભૂમિકા માત્ર એક રાજકીય નેતા તરીકે નહિ, પરંતુ ભારતના આધુનિક રાષ્ટ્ર-નિર્માતા તરીકે સ્થાપિત થાય છે.

## ૧. આધુનિક રાષ્ટ્રની કલ્પના અને લક્ષણો:

આધુનિક રાષ્ટ્ર (Modern Nation-State)નું નિર્માણ સામાન્ય રીતે નીચેના આધારસ્તંભો પર ટકેલું હોય છે:

**૧. રાજકીય એકતા** - એક મૂળભૂત સંવિધાન, એક રાષ્ટ્રીય સરકાર અને એક કેન્દ્રિય શાસનવ્યવસ્થા.

**૨. વહીવટી કાર્યક્ષમતા** - કાર્યકારી, ન્યાયિક અને કાયદાકીય વ્યવસ્થાઓના સુવ્યવસ્થિત કામગીરી દ્વારા રાષ્ટ્રને સ્થિર બનાવવું.

**૩. સંસ્કૃતિ અને ઓળખ** - વિવિધતામાં એકતાનો ભાવ, રાષ્ટ્રીય પ્રતિકો, મૂલ્યો અને પરંપરાઓનું સમન્વય.

**૪. સુરક્ષા અને રક્ષા** - આંતરિક તથા બાહ્ય સુરક્ષાનો મજબૂત માળખો.

**૫. સામાજિક ન્યાય** - સમાનતા, સ્વતંત્રતા, બાંધવતા અને નાગરિકોના હિતને કેન્દ્રસ્થાને રાખતી નીતિઓ.

**૬. સર્વસમાવેશી લોકશાહી** - નાગરિકોને નિર્ણયપ્રક્રિયામાં સામેલ કરવાનું અને સમાન અધિકારોનું રક્ષણ.

ભારતનું રાષ્ટ્ર નિર્માણ આ તમામ તત્ત્વોને આવરી લેતું હતું. પરંતુ આ તમામ માટે પ્રથમ જરૂરી શરત હતી દેશની રાજકીય અને ભૂગોળીય એકતા જે કાર્ય સરદાર પટેલે ઇતિહાસમાં અદ્વિતીય રીતે પૂર્ણ કર્યું.

SHABDBRAHM

## ૨. ભારતના રાષ્ટ્ર નિર્માણના પડકારો:

ભારત સ્વતંત્ર બન્યો, પરંતુ એ સાથે ઘણાં સવાલો ઉભા થયા:

**(૧) રજવાડાઓનું ભવિષ્ય**

બ્રિટિશ હુકૂમત હેઠળ 562 રજવાડાઓ વચ્ચે અલગ અલગ શાસન, નીતિ અને વ્યવસ્થા હતી. તેઓ પોતાના નિર્ણય મુજબ ભારત કે પાકિસ્તાનમાં જોડાઈ શકે અથવા સ્વતંત્ર રહી શકે. આ પરિસ્થિતિ રાષ્ટ્રની એકતાને ખતરામાં મૂકે તેવી હતી.

**(૨) વિભાજન અને સામ્પ્રદાયિક હિંસા**

વિભાજનના મુશ્કેલ સમયમાં લાખો લોકોનું સ્થળાંતર થયું, દંગા ફાટી નીકળ્યા, અસુરક્ષા અને અસ્થિરતા વધી.

**(3) શાસનવ્યવસ્થામાં ખાલી જગ્યા**

બ્રિટિશોના નિવૃત્તિ પછી વહીવટી માળખું નબળું પડ્યું. નવા કાયદા, નવી નીતિઓ અને નવી સંસ્થાઓની જરૂર હતી.

**(૪) આર્થિક અને સામાજિક અવ્યવસ્થા**

ગરીબી, બેરોજગારી, શિક્ષણની અછત, ઔદ્યોગિકતા નબળી, અર્થતંત્ર અસ્થિર.

**(૫) બાહ્ય જોખમો**

પાકિસ્તાન સાથેની સીમા, કાશ્મીર મુદ્દો, હૈદરાબાદ અને જુનાગઢના વિવાદિત નિર્ણયો.

આ બધા પડકારોને પહોંચી વળવા માટે દેશને લોહપુરુષ જેવા દૃઢ, નિર્ભય અને વ્યવહારુ નેતૃત્વની જરૂર હતી અને આ માટે સરદાર પટેલ શ્રેષ્ઠ પુરવાર થયા.

## ૩. સરદાર વલ્લભભાઈ પટેલ : વ્યક્તિત્વ અને રાજકીય દૃઢતા:

સરદાર પટેલના જીવનનાં મુખ્ય પાસાં:

- જન્મ: 31 ઓક્ટોબર 1875, નડિયાદ (ગુજરાત)
- શિક્ષણ: કાયદાની ડિગ્રી, સફળ બેરિસ્ટર
- રાજકીય પ્રવેશ: ગાંધીજીના આહ્વાનથી સ્વતંત્રતા આંદોલનમાં સક્રિય
- વિશેષ ઓળખ:
    - બાર્ડોલી સત્યાગ્રહના નેતા
    - ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ
    - સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહમંત્રી અને ઉપપ્રધાનમંત્રી
- ઉપાધિ: "લોહપુરુષ", "એકતા ના શિલ્પી"

તેમનું વ્યક્તિત્વ દૃઢતા, શિસ્ત, વ્યવહારુબુદ્ધિ અને દેશપ્રેમથી ભરેલું હતું.

## ૪. સરદાર પટેલ અને રાષ્ટ્રીય એકતા

**(૧) રજવાડાઓનું એકીકરણ: ઇતિહાસની અદ્ભુત સિદ્ધિ**

SHABDBRAHM

પટેલે 562 રજવાડાઓને ભારત સાથે જોડવાનું કાર્ય માત્ર 1½ વર્ષમાં પૂર્ણ કર્યું. તેમની પ્રક્રિયા નીચે મુજબ હતી.

• **રાજદ્વારી કૌશલ્ય** - દરેક રાજાને વિશ્વાસમાં લઈને તેમને ભારત સાથે જોડાવા રાજી કરાવ્યા.

• **પ્રિવી પર્સ અને સન્માન** - ભારતના રજવાડાંઓને ભારતીય સંઘમાં જોડાવા પ્રોત્સાહિત કરવા માટે સરદાર પટેલે તેમને પ્રિવી પર્સ એટલે કે આજીવન આર્થિક વળતર આપવાની વ્યવસ્થા કરી. આ સાથે તેમના પરંપરાગત સન્માન, ઉપાધિઓ અને કેટલીક વૈભવી સુવિધાઓ પણ જળવાઈ રહે તેવું વચન આપ્યું. આથી રાજાઓને વિશ્વાસ મળ્યો કે સંઘમાં જોડાયા પછી તેમનો માન-સન્માન અને જીવનવિધિ અકબંધ રહેશે.

સરદાર પટેલે આ પગલું રાજકીય કૌશલ્ય અને વ્યવહારુ બુદ્ધિથી ભરેલું એક વિશ્વાસની નીતિ તરીકે અપનાવ્યું હતું, જેથી રાજાઓ શંકા, ભય અથવા અસંતોષ વિના સ્વેચ્છાએ ભારત સાથે એકત્રીત થાય.

• **કાયદાકીય અને સંવિધાનિક દસ્તાવેજો** - "Instrument of Accession" દ્વારા રજવાડાઓને ભારતના કેન્દ્રિય માળખામાં જોડ્યા.

SHABDBRAHM

• **જરૂરી હોય ત્યાં સૈનિક પગલાં** - હૈદરાબાદ અને જુનાગઢમાં મર્યાદિત સૈનિક કાર્યવાહી.

આ કાર્યના કારણે આજનું ભારત એક અખંડ, સંગઠિત અને શક્તિશાળી રાષ્ટ્ર છે.

**(૨) જુનાગઢનું ભારત સાથે જોડાણ-** જુનાગઢના નવાબ પાકિસ્તાનમાં જોડાવા માંગતા હતા, પરંતુ જનતા ભારત સાથે જોડાવા ઇચ્છતી હતી. સરદાર પટેલે જનમતસંગ્રહનો માર્ગ અપનાવી લોકશાહી મૂલ્યોને રક્ષણ આપવામાં સફળતા મેળવી.

**(3) હૈદરાબાદનું એકીકરણ (Operation Polo)** - હૈદરાબાદના નિઝામે સ્વતંત્રતા જાળવવાની ઘોષણા કરી હતી. આંતરિક અશાંતિ વધી રહી હતી. સરદાર પટેલે વ્યવહારુ રાજકારણ અને મર્યાદિત સૈનિક કાર્યવાહી દ્વારા હૈદરાબાદને ભારત સાથે જોડ્યું.

**(૪) કાશ્મીર પ્રશ્નમાં દૃઢ અભિગમ** - કાશ્મીર પર પાકિસ્તાની કબાઈલીઓના આક્રમણ સમયે તરતજ લશ્કરી કાર્યવાહી માટે પટેલે જોર આપ્યું. તેમની વ્યૂહરચના કાશ્મીરને ભારત સાથે રાખવામાં નિર્ણાયક બની.

## ૫. સરદાર પટેલ : આધુનિક વહીવટી વ્યવસ્થાના શિલ્પી

**Indian Administrative Services (IAS)**

Indian Police Services (IPS) સ્વતંત્ર ભારતમાં મજબૂત, શિસ્તબદ્ધ અને દેશપ્રેમી વહીવટની જરૂર હતી. પટેલે આ બંને સર્વિસિસને મજબૂત આધાર આપ્યો. તેમણે IAS વિશે કહ્યું હતું: **"આ દેશને જોડીને રાખવાનું કામ રાજકીય ભાષણોથી નહીં, સાચા વહીવટીઓ કરશે."**

તેમની વહીવટી દૃષ્ટિમાં:

- પારદર્શક શાસન
- ભ્રષ્ટાચારમુક્ત કાર્ય
- કાર્યક્ષમ વહીવટ
- કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સંતુલન
- કાનૂની અને પોલીસ વ્યવસ્થાની મજબૂતી

આ તત્ત્વો આજના સમયમાં પણ એટલા જ પ્રાસંગિક છે.

SHABDBRAHM

## ૬. સરદાર પટેલનું રાજકીય અને સામાજિક વિચારોનું વિશ્લેષણ

**(૧) રાષ્ટ્રીય એકતાને સર્વોચ્ચ સ્થાન** - ભારતની વિવિધતા તેમને અડચણ નહીં પરંતુ શક્તિ લાગતી.

**(૨) વ્યવહારુ રાજકારણ**- તેઓ કોઈપણ નિર્ણય ભાવનાના પ્રભાવમાં નહીં પરંતુ તર્ક, અનુભવ અને રાષ્ટ્રીય હિતના આધારે લેતા.

**(૩) શિસ્તબદ્ધ જીવન** - સરળતા, સાદગી અને જવાબદારી તેમના ચિહ્નો હતા.

**(૪) લોકશાહી મૂલ્યોનું રક્ષણ** - પ્રત્યેક મુદ્દે કાયદા અને લોકમતને અગત્ય આપતા.

**(૫) સામાન્ય માણસ પ્રત્યેની કરુણા** - કિસાનો માટે બારડોલી સત્યાગ્રહ એ તેનું ઉત્તમ ઉદાહરણ છે.

## ૭. સમકાલીન ભારતમાં સરદાર પટેલની પ્રાસંગિકતા

**૧. આંતરિક સુરક્ષા માટે માર્ગદર્શક** - આજના યુગમાં આતંકવાદ, નકસરવાદ, સાયબર જોખમ; આ બધું મજબૂત અને શિસ્તબદ્ધ વહીવટની માગ કરે છે.

**૨. રાષ્ટ્રીય એકતાની આવશ્યકતા** - ભાષા, ધર્મ, જાતિ, પ્રદેશવાદ; આ તમામ વિષયોમાં એકતા અને સંવાદની જરૂર છે.

**૩. શાસનમાં પારદર્શિતા** - સત્તાનો દુરુપયોગ, ભ્રષ્ટાચાર, ગેરવહીવટ; આ સામે તેમના સિદ્ધાંતો આજે વધારે પ્રાસંગિક છે.

**૪. વિકાસ અને આધુનિકતા -** દેશને આધુનિક બનાવવા માટે જરૂરી નિર્ણયો લેવા તેમના જેવી દૃઢતા જરૂરી છે.

**૮. સ્ટૅચ્યુ ઑફ યુનિટી : સરદાર પટેલનું આધુનિક પ્રતિક**

ગુજરાતના કેવડીયા ખાતે 182 મીટર ઊંચી 'Statue of Unity' વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે. તે માત્ર એક પ્રતિમા નહીં, પરંતુ:

SHABDBRAHM

- રાષ્ટ્રીય એકતાનું પ્રતિક
- વિકાસનું પ્રતિક
- શૌર્ય અને દૃઢતાનો સંદેશ
- યુવાનો માટે પ્રેરણાસ્રોત

આ પ્રતિમા દેશને સરદાર પટેલના કાર્ય અને મૂલ્યોની યાદ અપાવે છે.

## ઉપસંહાર:

ભારત જેવા વૈવિધ્યસભર, વિશાળ અને સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ રાષ્ટ્રને આધુનિક સંઘીય રાજ્યના સ્વરૂપમાં વિકસાવવું એ અત્યંત વિશાળ અને જવાબદારીભર્યું કાર્ય હતું. સ્વતંત્રતા પ્રાપ્તિને પાશ્વર્ભૂમિમાં દેશ સૈંકડો પડકારોનો સામનો કરી રહ્યો હતો. વિભાજનનું દુઃખ, આંતરિક અશાંતિ, આર્થિક અવ્યવસ્થા, શરણાર્થી સંકટ, હિંસા અને સૌથી અગત્યનું તો ૫૬૨ રિયાસતોનું અસ્તિત્વ. આવી અતિસંકુલ અને અસ્થિર પરિસ્થિતિમાં ભારતને એક મજબૂત, એકતાબદ્ધ અને વહીવટી રીતે સક્ષમ રાષ્ટ્ર તરીકે ઉભું કરવા માટે જે પુરુષે અપ્રતિમ નેતૃત્વ પૂરું પાડ્યું, તે હતા સરદાર વલ્લભભાઈ પટેલ.

સરદાર પટેલે ભારતના રાષ્ટ્રનિર્માણમાં ભજવેલી ભૂમિકા માત્ર રાજકીય એકીકરણ પૂરતી મર્યાદિત ન હતી; તેમણે રાષ્ટ્રની આત્માને એકત્રિત કરવાની, લોકોને એક ભારત એક રાષ્ટ્રના ભાવથી જોડવાની, અને દેશને આંતરિક રીતે સુરક્ષિત બનાવવાની પ્રક્રિયામાં પણ આગવી કામગીરી કરી. તેમણે રાજકીય વિવેક, કૌશલ્યપૂર્ણ વાટાઘાટો અને દૃઢ પ્રશાસનશક્તિનો ઉપયોગ કરીને રિયાસતોને ભારતીય સંઘમાં જોડવા માટે વિશ્વાસ, સન્માન અને જવાબદારીના મૂલ્યો પર આધારિત અભિગમ અપનાવ્યો. આ પ્રક્રિયાએ દેશને માત્ર ભૌગોળિક રીતે જ નહીં, પરંતુ ભાવનાત્મક અને સામાજિક રીતે પણ એકતાબદ્ધ બનાવ્યો.

સરદાર પટેલનું રાષ્ટ્રદર્શન આધુનિક ભારતની કલ્પના સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલું હતું. તેઓ એવો ભારત બાંધવા માંગતા હતા જે મજબૂત પ્રશાસન, સંઘવાદ, નાગરિક સુરક્ષા અને સામાજિક સુમેળ પર ટકેલું હોય. ભારતીય નાગરિક સેવાની (IAS) રચનાને મજબૂત આધાર આપવો, પોલીસ તંત્રને પુનર્ગઠિત કરવું, આંતરિક સુરક્ષા માટે સ્પષ્ટ નીતિઓ ઘડવી અને રાજ્ય-કેન્દ્રના સંબંધોને વ્યવસ્થિત દિશા આપવી. આ બધું તેમણે આધુનિક રાષ્ટ્રના વહીવટી ઢાંચાને મજબૂત બનાવવા માટે કરેલું અદ્વિતીય યોગદાન છે.

આજે ભારત વિશ્વના સૌથી મોટા લોકતંત્ર તરીકે પ્રસ્થાપિત છે, અને તેની ભૌગોલિક અખંડિતતા, રાજકીય સ્થિરતા અને વહીવટની મજબૂતી પાછળ સરદાર પટેલની દૃઢસંકલ્પી દષ્ટિનો અગણિત પ્રભાવ જોવા મળે છે. જો સરદાર પટેલે રિયાસતોનું એકીકરણ ન કર્યું હોત, તો ભારત આજે નાના-મોટા અલગ- અલગ રાજ્યોમાં વિખુંટાયેલું હોત, જેના પરિણામે રાષ્ટ્રની રાજકીય, સામાજિક અને આર્થિક પ્રગતિ અત્યંત મર્યાદિત રહી હોત. તેથી સરદાર પટેલને "ભારતના એકીકરણના શિલ્પી" અથવા "લોખંડી પુરુષ" કહેવાં એ માત્ર બિરુદ નથી, પરંતુ ભારતના આધુનિક ઇતિહાસનું સાચું પ્રતિબિંબ છે.

આધુનિક ભારતના રાષ્ટ્ર-નિર્માણનો પાયો સરદાર પટેલે જે મજબૂત માળખા દ્વારા ઊભો કર્યો, તે આજના ભારતના વિકાસ, પ્રગતિ અને સુરક્ષાનું મુખ્ય કારણ છે. તેમણે રાષ્ટ્રભાવના, જવાબદારી અને વ્યક્તિત્વની શક્તિને રાજકીય એકતામાં પરિવર્તિત કરી અને આ જ કાર્યને કારણે તેઓ ભારતના

SHABDBRAHM

આધુનિક રાષ્ટ્ર વિચારના પ્રધાન સ્થાપક તરીકે ગૌરવપૂર્વક યાદ કરવામાં આવે છે. આથી, એવો નિષ્કર્ષ સીધો અને સ્પષ્ટ છે કે સરદાર વલ્લભભાઈ પટેલ વગરનું આધુનિક ભારત અધૂરું છે, અને રાષ્ટ્રની અખંડિતતા અને એકતાના મજબૂત સ્તંભ તરીકે તેમનું સ્થાન સદાકાળ અડગ રહેશે.

**સંદર્ભ:**

1. પટેલ, વી. આર., *સરદાર પટેલ: એકતા ના શિલ્પી*, ગુજરાત વિદ્યા સભા.
2. Government of India, Ministry of Home Affairs – Official Archives.
3. મૈતા, એચ., *Sardar Patel: The Iron Man of India*.
4. પાંડ્યા, કિ., *ભારતનું એકીકરણ*, સંસ્કૃતિ પ્રકાશન.
5. નેહરુ, જવાહરલાલ – *The Discovery of India*.
6. Gandhi, M.K. – Collected Works (Relevant Volumes).
7. Sardar Patel Memorial Trust Publications.

SHABDBRAHM